# ગંભીર ગુનાના આરોપીને એક પિસ્ટલ અને ૯ જીવતા કાર્ટિસ સાથે પોલીસે પકડી પાડ્યો

ગાંધીનગર,તા.૨૧

હનીટ્રેપ, ચોરી, પ્રોહીબિશન અને આર્મસ એકટ સહિતના ગંભીર ગુનાના રીઢા આરોપીને એક પિસ્ટલ અને ૯ જીવતા કાર્ટીસ, ધારદાર છરા સહિત ગાડી સાથે આરોપીને મહારાષ્ટ્રથી એલસીબી-૨ ની ટીમે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ગાંધીનગર જિલ્લામાં લુંટ તેમજ અપહરણ જેવા ગુના અટકાવવા માટે અને અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા માટે ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ સુચના આપી હતી. જેને પગલે એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલા એ પીએસઆઈ એસ.પી.જાડેજા અને પીએસઆઈ પી.ડી.વાઘેલાને બાતમીદારો સક્રિય કરી લુંટ, અપહરણના અનડીટેકટ ગુના શોધવા માટે વિવિધ ટીમો બનાવી કામગીરી તેજ કરી હતી. તે સમયે કલોલ પોલીસ મથકમાં નોંધાયેલા અપહરણના ગુનાનો ભોગ બનનાર તેમજ શંકમદોની શોધખોળ ચાલી રહી હતી. તે દરમિયાન એક શકમંદ શખ્સ જય ઉર્ફે જયકિશન ઉર્ફે જેકી મનોજભાઈ ચૌહાણ (હાલ રહે. સંતોષભવન ચાલી, નાલાસોપારા મુંબઈ ઈસ્ટ મુળ રહે. બી-૨૦૫ ઔડાના મકાન દાસ્તાન સર્કલ નરોડા)ને મહારાષ્ટ્રના નાલા સોપારાથી પકડી પાડી ગાંધીનગર લાવ્યા હતા. ત્યારબાદ પોલીસે શખ્સનો મોબાઈલ ચેક કરતા મોબાઈલના વોટ્સએપમાં હથીયારના ફોટો જોવા મળ્યા હતા. જયારે આરોપી અગાઉ સુરત ખાતે આર્મસ એકટના ગુનામાં પકડાયેલ હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ આરોપીની ઉંડાણપૂર્વક પુછપરછ કરતા તેણે પોતાની પાસે રહેલી સફેદ કલરની આઈ ટેન ગાડીમાં એક પિસ્ટલ તેમજ કારતુસ સંતાડ્યા હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે ગાડીમાં તપાસ કરતા ડ્રાઈવર સાઈડ પાછળના દરવાજાના પડખામાં સંતાડેલી પિસ્ટલ તેમજ મેગ્જીનમાં ભરાવેલા ૯ જીવતા કારતુસ મળી આવ્યા હતા. તે ઉપરાંત પોલીસને ગાડીની ડેકીમાંથી ધારદાર છરો અને મોબાઈલ ફોન, તેમજ બે નંબર પ્લેટ મળી આવી હતી.

જયારે પોલીસે આરોપીની પુછપરછ કરી તેની પાસેથી રૂ. ૧.૨૦,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ગાંધીનગર સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આરોપીનો પૂર્વ ઈતિહાસમાં મહારાષ્ટ્રના સયાજીગંજ ખાતે હનીટ્રેપ, અમદાવાદ ઓઢવ ખાતે ચોરી, ચાંદખેડામાં ઘરેલુ હિંસા, સુરત ખાતે આર્મસ એકટ તેમજ અરવલ્લી શામળાજી પોલીસ મથક ખાતે પ્રોહીબિશનનો ગુનો દાખલ થયેલ છે.

# રાજ્યમાં કોરોનાના માત્ર ૧૫૧ કેસ

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૨ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૮૦૬૮૧૨ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૩૬ કેસ નોંધાયા

ગાંધીનગર,તા.૨૧

દેશભર સહિત રાજ્ય માં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યા બાદ હવે લોકો માટે રાહતના સમાચાર સામે આવી રહ્યા છે. રાજ્યમાં કોરોના વાયરસના કેસમાં સતત ઘટાડો થઈ છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦૦ની નીચે કોરોનાના કેસો પહોંચી ગયા છે. તો બીજી તરફ મોતના આંકડામાં પણ સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ચાર મહાનગરોમાં પણ હવે કોરોનાના નવા કેસમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં આજે પણ કોરોના કેસમાં ઘટાડો નોંધાયો છે. રાજ્ય સરકાર દ્વારા સતત કોરોના વેક્સીનેશન કરવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧૫૧ કેસો નોંધાયા છે અને સામે ૬૧૯ દર્દીઓ સાજા થયા છે. રાજ્યમાં કોરોનાના કારણે વધુ ૨ દર્દીના મોત થતાં કુલ મૃત્યુઆંક ૧૦૦૩૪ પર પહોંચ્યો છે. ગુજરાતના મોટા શહેરોમાં કોરોનાના કેસોની સ્થિતિ પર નજર કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૩૬, સુરતમાં ૧૬, રાજકોટમાં ૯ અને વડોદરામાં ૭ કેસો નોંધાયા છે.

જો કે, રાજ્યનો રિકવરી રેટ વધીને આજે ૯૮.૦૯ ટકાએ પહોંચ્યો હતો. રાજ્યમાં કુલ એક્ટિવ કેસની વાત કરીએ તો હાલ રાજ્યમાં કુલ ૫૬૩૯ કોરોનાના કુલ એક્ટિવ કેસ છે. ૧૧૩ લોકો વેન્ટિલેટર પર છે. ૫૨૨૬ લોકો સ્ટેબલ છે. ૮૦૬૮૧૨ લોકોને અત્યાર સુધીમાં ડિસ્ચાર્જ કરવામાં આવી ચુક્યાં છે. આજે રાજ્યમાં કુલ ૨ લોકોનાં મોત નિપજ્યાં છે. ૧૦,૦૩૪ લોકોનાં કુલ મોત નિપજ્યાં છે. આજે રાજ્યમાં કોરોનાને કારણે અમદાવાદ કોર્પોરેશનમાં ૧ અને સુરત કોર્પોરેશનમાં ૧ દર્દીનું મોત થયું છે. જો વેક્સિનેશનની વાત કરીએ તો હેલ્થ કેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર્સ પૈકી ૮૫૮ને પ્રથમ ડોઝ અને ૫૦૪૧ લોકોને બીજો ડોઝ અપાયો હતો. ૪૫ થી વધારે ઉંમરના ૭૦૧૯૯ લોકોને પ્રથમ અને ૩૯૭૯૯ લોકોને બીજો ડોઝ અપાયો હતો. ૧૮-૪૫ વર્ષનાં ૩૫૩૭૮૦ અને ૧૮૨૮૩ લોકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ઉલ્લેખનીય છે કે, વેક્સીનેશનમાં ગુજરાત નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી રહ્યું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૨,૨૫, ૫૬,૨૬૨ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે.



ગુજરાતી ફિલ્મોના લોકપ્રિય અભિનેત્રી અને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર પ્રાંજલભટ્ટે અમદાવાદના આંબલી ગામની પ્રાથમિક શાળાના વેકસીન સેન્ટરમાં આવીને કોવીડ-૨૦૧૯ વેકસીન લઈને ફરજ પરના મેડીકલ સ્ટાફનું અભિવાદન કરી તેમની સેવાઓને બિરદાવી હતી.

# સાબરકાંઠામાં કોરોના રસીકરણ મહાઅભિયાનનો આરંભ

## જિલ્લાના તમામ તાલુકાના ૧૮ થી વર્ષથી ઉપરની ઉંમરના તમામ લોકોને રસીકરણ હેઠળ આવરી લેવાશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

આજે ૨૧ જૂન વિશ્વ યોગ દિવસના દિવસે કોરોના જેવી મહામારી સામે રક્ષણ મેળવવા અંગે સમગ્ર રાજ્યનાં ૩૩ જિલ્લા અને ૮ કોર્પોરેશન ખાતેથી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કોરોના રસીકરણ મહાઅભિયાનનો આરંભ કરાયો. જેમાં કોર્પોરેશન દીઠ ૨૫ વેક્સીનેશન સાઈટ તથા રાજ્યના ૧૦૨૫ સ્થળો પર કોરોના રસીકરણ મહાભિયાનનો શુભારંભ કરાયો. જેમાં રાજ્યના ૫૦૦૦ રસીકરણ સાઈટ ખાતેથી લાભાર્થીઓનું રસીકરણ કરાશે.

જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં પણ ૧૮ વર્ષથી ઉપરની ઉમર ધરાવતા લોકોને રસીકરણ હેઠળ આવરી લેવા માટે જિલ્લાના તાલુકામાં પણ કોરોના રસીકરણ મહાઅભિયાનનો આરંભ કરાયો.



જેમાં હિંમતનગરના જામળા આરોગ્ય કેન્દ્ર ખાતેથી હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા તથા જિલ્લા સમાહર્તા હિતેષ કોયાએ શુભારંભ કરાવ્યો હતો. જયારે પ્રાંતિજના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારે તલોદના આરોગ્ય કેન્દ્ર પર ઈડરના ધારાસભ્ય હિતુભાઈ કનોડીયાએ દરામલી જયારે જિલ્લા પંચાયતના પ્રમુખ ધીરૂભાઈ પટેલે વિજયનગર ખાતેથી મહાઅભિયાનમાં જોડાઈ રસી લેવા માટે લોકોને પ્રેરિત કર્યા હતા. જયારે અન્ય તાલુકાઓમાં પ્રાંત અધિકારી અને જિલ્લાના અગ્રણી પદાધિકારીઓએ વેક્સીન સેન્ટરની મુલાકાત લઈ લોકોને રસી લેવા માટે આગ્રહ કર્યો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લાના ૮ તાલુકામાં જુદા-જુદા સેન્ટરો પર લોકોએ રસીકરણ અભિયાનમાં જોડાયા હતા.

# લીંબડીયા ગામે સ્ટ્રીટલાઈટના ખુલ્લા કેબલ અને અંડરપાસના પાણીનો નિકાલ ન કરાતા અકસ્માતની ભીતી

ગાંધીનગર જિલ્લાના ચિલોડા-નરોડા રોડ ઉપર આવેલા લીંબડીયા ગામે નેશનલ હાઈવે ઉપર હાઈવે ઓથોરિટી દ્વારા મુકવામાં આવેલા વીજ ટ્રાન્સફરના ખુલ્લા કેબલો મોટી જાનહાની નોતરી શકે તેવી દહેશત વર્તાઈ રહી છે. ત્યાં બીજી બાજુ ગામમાં જવાના અંડરપાસ માર્ગ ઉપર પાણીના નિકાલની વ્યવસ્થા ન કરવામાં આવતા ગ્રામજનો અને રાહદારી-વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.



ગામના સરપંચ હર્ષદભાઈ પટેલે જણાવ્યુ હતુ કે નરોડા ચિલોડા હાઈવે પર આવેલા લીંબડીયા ગામે હાઈવે ઓથોરિટી અને જીઈબી દ્વારા હાઈવે સ્ટ્રીટલાઈટના વીજ ટ્રાન્સફોર્મરના ખુલ્લા વાયરો ચોમાસાની ઋતુમાં મોટી હોનારત સર્જી શકે તેમ છે. બીજી બાજુ ગામમાં જવાના અંડરપાસ પાસે પાણીના નિકાલ માટે વ્યવસ્થા ન કરવામાં આવતા અંડરપાસમાં વરસાદી પાણી ભરાઈ જવાથી રાહદારીઓ અન્ય ગ્રામજનોને ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. અહીંયા કામ કરનાર ટીમ અધુરૂ કામ મુકીને જતાં રહેતા લોકો ભારે હાલાકીનો ભોગ બની રહ્યા છે. સત્વરે યોગ્ય સુવિધા-વ્યવસ્થા હાથ ધરાય તેવી તીવ્ર માંગ પ્રવર્તી રહી છે.

## ટાટા ટીની લેટેસ્ટ જાગો રે પહેલ લોકોને તેમના

# સપોર્ટ સ્ટાફને કોવિડ-૧૯ રસીકરણની સફરમાં મદદ કરવા વિનંતી કરી

ટાટા ટીએ મહામારીના હાલના સમયમાં લોકોને તેમના રોજિંદા જીવનમાં મદદ કરનાર લોકોને મદદ કરવાની અપીલ કરવાના સંદેશ વધુને વધુ લોકો સુધી ફેલાવવાના ઉદ્દેશ સાથે #JaagoReની લેટેસ્ટ એડિશન #SabKeLiye #JaagoRe પ્રસ્તુત કરી છે. ગયા વર્ષની પહેલ Iss Baar#BadonKeLiye #JaagoReને આગળ વધારીને Iss Baar #SabKeLiye #JaagoReનો ઉદ્દેશ લોકોને જાગૃત કરવાનો અને તેમને કોવિડ-૧૯ રસીકરણની સફરમાં મદદની જરૂરિયાત ધરાવતા હોય એમની મદદ કરવા પ્રેરિત કરવાનો છે. આ પહેલ વ્યક્તિઓને આગળ આવવા અને ઘરકામ કરતા લોકો, ડ્રાઈવર, સીક્યોરિટી ગાર્ડ અને ગાર્ડનર્સ જેવા રોજિંદા વર્કર્સની સહાય કરવા અપીલ કરે છે, જેઓ તેમના રસીકરણ માટે નોંધણી કરાવવા ઉચિત સંસાધનો, પ્લેટફોર્મ ધરાવતા ન હોય એવું બની શકે છે અથવા રસીકરણની મર્યાદિત જાણકારી ધરાવતા હોય એવું બની શકે છે.

અત્યારે લોકો તેમના રસીકરણ માટે નોંધણી કરવાના પ્રયાસમાં વિવિધ પડકારોનો સામનો કરી શકે છે, જેમાં જાગૃતિનો અભાવ, કોવિડ-૧૯ સાથે સંબંધિત ખોટી ધારણાઓ, ડિજિટલ અસમાનતા, ટેકનોલોજી અને ભાષાનો અવરોધ સામેલ છે. Iss Baar #SabKeLiye #JaagoRe આમાંથી કેટલાંક અવરોધો પાર કરવામાં મદદરૂપ થશે એવી આશા છે.

# બનાસકાંઠામાં ડરામણા દ્રશ્યો

# ૨૫ ગામને જોડતો કોઝ વે તૂટી પડતા દોડધામ મચી

બનાસકાંઠા, તા.૨૧

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે દિવસથી વરસાદ હેત વરસાવી રહ્યો છે. આજે પાલનપુર શહેરમાં ત્રણ જ કલાકમાં ચાર ઈંચ જેટલો વરસાદ પડતા પાણી પાણી થઈ ગયું છે. શહેરની અનેક સોસાયટીઓમાં ઘરોમાં પાણી ઘૂસી ગયા છે. બીજી તરફ ભારે વરસાદને પગલે પાલનપુરના વેડચાથી હોડા જતા રસ્તા પર આવતો કોઝ વે તૂટી ગયો છે. આ કોઝવે ત્રણ વર્ષ પહેલા બનાવવામાં આવ્યો હોવાની માહિતી મળી છે. આ કોઝવે આશરે ૨૫ જેટલા ગામોને જોડે છે. કોઝ વે તૂટી ગયો હોય તેના લાઈવ દ્રશ્યો સામે આવ્યા છે. ઘટનાને પગલે લોકોને ટોળે ટોળા ઉમટી પડ્યાં હતાં. મળતી માહિતી પ્રમાણે પાલનપુરના વેડચાથી હોડા જતા રોડ પરનો કોઝ વે તૂટી ગયો છે. આ કોઝવે લડબી નદી પર આવેલો છે. સોશિયલ મીડિયામાં કોઝ વે તૂટી ગયો હોય તેનો વીડિયો વાયરલ થયો છે.


બનાવને પગલે ઘટનાસ્થળે લોકોનાં ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. કોઝ વે તૂટી જવાના જે દ્રશ્યો સામે આવ્યા છે તે ખરેખર ડરાવનારા છે. ભારે વરસાદને કારણે માટી પોચી બની જતી હોય છે. જેના પગલે ચોમાસામાં ડામરના રસ્તાઓ ધોવાઈ જતા હોય છે. જે વીડિયો સામે આવ્યો છે તેમાં જોઈ શકાય છે કે કોઝ વેનો અમુક ભાગ ધડામ કરતા પાણીમાં પડે છે. આસપાસ અનેક લોકો પણ ઊભેલા હોય છે. કોઝ વે તૂટી ગયાના સમાચાર જાણીને આસપાસના લોકો દોડી આવ્યા હતા. લોકો જીવના જોખમે તૂટી ગયેલા કોઝ વેની આસપાસ ઊભા રહી ગયા હતા. કોઝ વેનો અમુક હિસ્સો પાણીમાં પડે છે ત્યારે પણ લોકો ખૂબ નજીક ઊભા હોય છે. કોઝ વે તૂટી ગયાની જાણકારી સ્થાનિક તંત્રને પણ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત સરપંચ અને તલાટી સહિતના લોકોએ રસ્તો બંધ કરાવી લોકોને નજીક ન જવાની સલાહ આપી હતી. રસ્તો તૂટી જતા હવા લોકોએ આઠથી ૧૦ કિલોમીટર ફરીને જવું પડશે.

## ધાનેરા નગરપાલિકા રામ ભરોશે


# અધિકારીઓ પોતાના અંગત કામમાં વ્યસ્ત કર્મચારીઓ મસ્ત અને પ્રજા ત્રસ્ત

## લાઈટ પંખા તેમજ એસી ચાલુ ખુરશીઓ ખાલી .....કોના બાપની દિવાળી

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા નગરપાલિકા જાણે રામ ભરોસે ચાલતી હોય તેવું સામે આવી રહ્યું છે...નગરપાલિકામાં કામ અર્થે આવતા લોકો પરેશાન થઈ રહ્યા છે ત્યારે ધાનેરા નગરપાલિકાના પ્રમુખ ચીફ ઓફિસર સહિત કર્મચારીઓ ની ખુરશી ઓ ખાલી જોવા મળી રહી છે અને લાઈટ પંખા તેમજ એસી આગળ કામ અર્થે આવેલા લોકોના ટોળા...આ તમામ દ્રશ્યો છે ધાનેરા નગરપાલિકાના ધાનેરા નગરપાલિકાના પ્રમુખ ચીફ ઓફિસર સહિત કર્મચારીઓને જાણે ધાનેરા નગરપાલિકા માં કોઈ ઈન્ટરેસ્ટ હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે પ્રમુખ અને ચીફ ઓફિસર જે પોતે પોતાના અંગત કામોમાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે નગરપાલિકા માત્ર ગણ્યાગાંઠયા લોકો જ છે અને જેનું અમારે કામ છે તે સાહેબ હજુ સુધી આવ્યા નથી આ લોકોની મુલાકાત લીધા પછી અમે લોકોએ નગરપાલિકા માં પ્રવેશ કર્યો નગરપાલિકા માં પ્રવેશ કરતાંની સાથે જ આખી નગરપાલિકા સુમસામ ભાસી રહી હતી અને માત્ર પટાવાળા તેમજ ગણ્યાગાંઠ્યા કર્મચારીઓ અલગ જ દ્રશ્યો જોવા મળ્યા ઓફિસમાં લાઈટ પંખા સહિત એસી પણ ચાલુ જોવા મળ્યો હતો અને તમામ ખુશીઓ ખાલી જોવા મળી હતી આ તમામ દ્રશ્યો જોઈ એવું લાગી આવ્યું કે ધાનેરા નગરપાલિકા જાણે રામભરોસે ચાલી રહી છે ચીફ ઓફિસર તેમજ નગરપાલિકા પ્રમુખને નગરપાલિકા માં કોઈ રસ ન હોય આટલુ જ નઈ પણ જો કોઈ અરજદાર કોઈપણ બાબતની નગરપાલિકામાં રજૂઆત કરે તો તે બાબતે પણ ધ્યાન અપાતું નથી ધાનેરાના એક વેપારીએ જાહેર રસ્તા પર ગેરકાયદેસર રીતે ઉભી કરી દીધી છે અને આ તે બાબતે છેલ્લા છ મહિનામાં ત્રણથી વધુ વખત લેખિત રજૂઆત કરવામાં આવી છે છતાં પાલિકાના









ચાલુ જોવા મળી રહી છે...કોરોના ના કારણે ધાનેરા નગરપાલિકા પ્રમુખ નું નિધન થયું છે જ્યારે નગરપાલિકા પ્રમુખ નો ચાર્જ ઉઓપ પ્રમુખ પાસે છે ત્યારે પાલિકા ના ઈન્ચાર્જ પ્રમુખ અને ચીફ ઓફિસરને જાણે ધાનેરા નગરપાલિકામાં રસ ન હોય તે પોતે પોતાના અંગત કામમાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે જ્યારે કામ આવતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે.

નગરપાલિકાના ઈન્ચાર્જ પ્રમુખ તેમજ ચીફ ઓફિસરની ખાલી ખુરશી...લાઈટ પંખા તેમજ એસી ચાલુ... સુમસાન નગરપાલિકા... કર્મચારીઓના ટેબલ અને નગરપાલિકા ઓફિસ ત્યારે કર્મચારીઓ મનફાવે ત્યારે આવે અને મનફાવે ત્યારે જાય આ સમગ્ર ઘટનાથી નગરપાલિકામાં કામ અર્થે આવતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે અને લોકોને વારંવાર નગરપાલિકાના ધક્કા ખાવા પડે આજે અમારી ટીમ દ્વારા ધાનેરા નગરપાલિકા ની મુલાકાત લેતા કંઈક અનોખા દ્રશ્યો જોવા મળ્યા હતા જ્યારે અમારી ટીમ નગરપાલિકા પહોંચી ત્યારે નગરપાલિકાના મુખ્ય ગેટ આગળ કેટલાક લોકો રાહ જોઈને બેઠા હતા આ લોકો સાથે વાતચીત કરી ત્યારે આ લોકોએ જણાવ્યું હતું કે અમે કામ અર્થે આવ્યા છીએ અત્યારે ૧૧:૩૦ વાગ્યા છે પરંતુ હાજર જોવા મળ્યા હતા ધાનેરા નગરપાલિકાના ૭૫ ટકા જ કેટલાક ટેબલ પર ખુરશીઓ ખાલી જોવા મળી હતી તો કેટલીક ખાતાની તો ઓફિસને ખંભાતી તાળાં લાગેલાં જોવા મળ્યા હતા તે બાદ અમે લોકોએ ધાનેરા નગરપાલિકાના ચીફ ઓફિસર નો સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો જ્યારે ચીફ ઓફિસરના ચેમ્બરમાં ગયા તો ત્યાં પણ ખુરશી ખાલી જોવા મળી હતી તો અમે વિચાર્યું કે કદાચ ઓફિસર સાહેબ અપડાઉન કરે છે એટલે નહીં આવ્યા હોય તે બાદ અમે નગર પાલિકા પ્રમુખના ચેમ્બર માં ગયા તો નગર પાલિકા પ્રમુખના ચેમ્બરમાં અમને કંઈક તેવા દશ્યો સામે આવ્યા હતા ચીફ ઓફિસર અને નગરપાલિકા પ્રમુખ જ ગેરહાજર રહેતા હોય તો પછી અન્ય કર્મચારીઓની તો વાત જ શી કરવી કર્મચારીઓ પણ મનફાવે ત્યારે આવે અને મનફાવે ત્યારે જતા રહે કેમ કે તેમને કોઈ કરવાવાળું નથી તેમના ઉપરી અધિકારીઓ પોતાના અંગત કામમાં વ્યસ્ત જ્યારે કર્મચારીઓ મસ્ત અને પ્રજા ત્રસ્ત છે આ તમામ દ્રશ્યો જોયા બાદ બનાસકાંઠા જિલ્લા કલેકટર સાહેબ આ બાબતે તટસ્થ તપાસ કરાવે અને નગરપાલિકામાં સતત ગેરહાજર રહેતા અધિકારીઓ સામે પગલા ભરે તેવી લોક માંગ ઉઠી રહી છે સત્તાધીશો કોઈ કાર્યવાહી કરતા નથી અને કાર્યવાહી કરવાના બદલે આંખ આડા કાન કરી રહ્યા છે અને જ્યારે પણ કાર્યવાહી બાબતે નગર-પાલિકાના સત્તાધીશોને પૂછવામાં આવે તો તે ફોન પણ ઉપાડતા નથી જ્યારે અરજદાર દ્વારા કોર્ટના દ્વાર ખખડાવ્યાની ચીમકી ઉચ્ચારતા નગરપાલિકાએ માત્ર નોટિસ આપવાનું નાટક કર્યું હતું અને નોટિસ ના જવાબ લઈ અરજી ફાઈલ કરી હોય તેવું જાણવા મળ્યું ત્યારે આ સમગ્ર બાબતને લઈ બનાસકાંઠા જિલ્લા કલેકટર સાહેબ ધાનેરા નગરપાલીકા સામે કાર્યવાહી કરે તેવી લોક માંગ ઉઠી રહી છે.

# પાટીલના સુરતમાં દોઢ મહિનામાં ભાજપના એક હજાર કાર્યકરો આપમાં જોડાયા

સુરત,તા.૨૧

ગુજરાતમાં આમ આદમી પાર્ટીના ધમાકેદાર પ્રવેશ બાદ હવે ધીમે ધીમે ભાજપના કાર્યકરોને ખેરવવાનું શરૂ કયુર્ં છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલના ગઢમાં ભાજપના એક હજારથી વધુ કાર્યકરો છેલ્લા દોઢ જ મહિનામાં આમ આદમી પાર્ટીમાં જોડાઈ ચૂક્યા છે. પાટીદાર યુવા નેતા ગોપાલ ઈટાલિયાને પ્રદેશ અધ્યક્ષ બનાવ્યા બાદ સુરત મનપામાં ભાજપને કાંટે કી ટક્કર આપીને વિપક્ષનુ સ્થાન મેળવ્યા બાદ હવે ધીમે ધીમે પાટીદારો વિસ્તારોમાં આપનું વજન વધવા લાગ્યું છે. સુરતમાં હજુ પણ આપમાં અનેક કાર્યકરો જોડાવાની વ્યુહરચના ઘડવામાં આવી છે.

સુરતમાં આમ આદમી પાર્ટી દ્વારા તારવાડી વિસ્તારમાં યોજાયેલા કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટી સાથે વર્ષોથી જોડાયેલા અને કાર્યકર્તાઓએ આમ આદમી પાર્ટીનો ખેસ ધારણ કરી લીધો છે. અલગ અલગ વિસ્તારોમાંથી ભાજપ છોડીને આમ આદમી પાર્ટીમાં જવાનો સિલસિલો યથાવત્ જોવા મળી રહ્યો છે. રવિવારે પ્રદેશ અધ્યક્ષ ગોપાલ ઈટાલિયાની હાજરીમાં અડાજણ-રાંદેરમાંથી ૪૦૦ કરતાં વધુ ભાજપના કાર્યકર્તાઓ આપમાં જોડાયા હતા. અડાજણ રાંદેર વિસ્તાર એ ભારતીય જનતા પાર્ટીનો ગઢ માનવામાં આવે છે.

## આવરી લેવાયા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં અત્યાર સુધીમાં પહેલીવાર આટલી મોટી સંખ્યામાં વેક્સિનેશન અભિયાનમાં લોકોને આવરી લેવામાં આવ્યા છે. જિલ્લાના વેક્સિનેશન અભિયાનમાં આજે કેન્દ્રના ગૃહમંત્રી અમીતભાઈ શાહ, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે રૂપાલ અને કોલવડાના રસીકરણ કેન્દ્રની મુલાકાત લીધી હતી.

તો રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સે. ૮ ખાતે વેક્સિનેશન મહાઅભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટતાં જ તંત્રએ હવે વેક્સિનેશન અભિયાન સઘન બનાવવા માટેનું આયોજન પણ તૈયાર કરી દીધુ છે. જિલ્લામાં આ અભિયાન ઝડપી બનાવવામાં આવશે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે યુવાનોએ આપેલા પ્રતિસાદને લઈ તંત્રનો ઉત્સાહ પણ બેવડાયો છે.